ક્રમાંક/FRC/૨૦૨૨/ ૨૪૪૫-૪૬ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, અનાવિલ ભવનની સામે, કારેલીબાગ, વડોદરા. તા.૨૬/૫/૨૦૨૨

# ફ્રી નિયમન સમિતિ – વડોદરા વિભાગ, વડોદરા.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,અનાવિલ ભવનની સામે, કારેલીબાગ,વડોદરા.
Ph.0265-2488487 E.mail add:- frcvadodara@gmail.com

U-Dise-24160 807016 એફ.આર.સી./ખેડા/દરખાસ્ત નં.KH-૧/૨૦૨૧-૨૨.

E-mail : principal.nadiad@podar.org તા.૧૮-૦૫-૨૦૨૨.

અરજદાર શાળા :- પોદાર ઇન્ટરનેશનલ સ્કુલ (CBSE)(અંગ્રેજી માધ્યમ) ઠે.દિવ્ય ધારા, જુના ડુમરલ રોડ, વૈશાલી રોડ, નડીઆદ, જી.ખેડા-૩૮૭૦૦૨..

વિષય :- સને-૨૦૨૧-૨૨ થી સને-૨૦૨૩-૨૪ પ્રિ.પ્રાયમરી, પ્રાયમરી અને માધ્યમિકની ફી વધારા માટેની દરખાસ્ત.

અનુસંધાન :-

(૧) ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને-૨૦૧૭.
(૨) ગુજરાત સ્વનિર્ભર શાળા (રેગ્યુલેશન ઓફ ફીઝ) નિયમો, ૨૦૧૭.
(૩) નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઇન્ડીયામાં દાખલ થયેલ સ્પે.લીવ ટુ અપીલ (સી) નં.૩૧૪/૨૦૧૮ ના હુકમો.

## -:: વચગાળાનો હુકમ ::-

(૧) અરજદાર શાળાએ ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને ૨૦૧૭ અને તે અંતર્ગત ગુજરાત સ્વનિભર શાળા ફી નિયમન (નિયમો) સને-૨૦૧૭ ના નિયમ-૬ અન્વયે ફી નિયમન સમિતિ, વડોદરા સમક્ષ પોતાની દરખાસ્ત રજુ કરી છે. જે દરખાસ્ત તેઓએ સને ૨૦૨૧-૨૨ થી સને ૨૦૨૩-૨૪ ના ૩ વર્ષની ફી નક્કી કરવા માટે જણાવવામાં આવ્યું છે. જેમાં અરજદાર શાળા ધ્વારા નીચે પ્રમાણેની સૂચિત ફીની માગણી કરવામાં આવી છે. :-

| અ. નં. | ધોરણ | માધ્યમ | બોર્ડ | અરજદાર શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા. | અરજદાર શાળાની સૂચિત ફીની માગણી |
|---|---|---|---|---|---|
| | | | | સને ૨૦૧૯-૨૦. | સને ૨૦૨૧-૨૨. |
| (૧) | નર્સરી. | અંગ્રેજી | CBSE | ૨૩ | રૂા.૩૯,૧૪૦/- |
| (૨) | જુ.કે.જી. | અંગ્રેજી | CBSE | ૩૨ | રૂા.૩૯,૧૪૦/- |
| (૩) | સી.કે.જી. | અંગ્રેજી | CBSE | ૫૪ | રૂા.૩૯,૧૪૦/- |
| (૪) | ૧. | અંગ્રેજી | CBSE | ૭૪ | રૂા.૪૪,૯૦૦/- |
| (૫) | ૨. | અંગ્રેજી | CBSE | ૬૭ | રૂા.૪૪,૯૦૦/- |
| (૬) | ૩. | અંગ્રેજી | CBSE | ૫૬ | રૂા.૪૪,૯૦૦/- |
| (૭) | ૪. | અંગ્રેજી | CBSE | ૪૨ | રૂા.૪૪,૯૦૦/- |
| (૮) | ૫. | અંગ્રેજી | CBSE | ૪૧ | રૂા.૪૪,૯૦૦/- |
| (૯) | ૬. | અંગ્રેજી | CBSE | ૨૮ | રૂા.૪૮,૯૭૦/- |
| (૧૦) | ૭. | અંગ્રેજી | CBSE | ૨૪ | રૂા.૪૮,૯૭૦/- |
| (૧૧) | ૮. | અંગ્રેજી | CBSE | ૧૪ | રૂા.૪૮,૯૭૦/- |
| (૧૨) | ૯. | અંગ્રેજી | CBSE | ૦૦ | રૂા.૪૮,૯૭૦/- |
| (૧૩) | ૧૦. | અંગ્રેજી | CBSE | ૦૦ | રૂા.૪૮,૯૭૦/- |
| | | | કુલ વિદ્યાર્થી... | ૪૫૫ | |

ફી નિયમન સમિતિ વડોદરા ઝોન, વડોદરા

(૨) અરજદાર શાળાએ સને ૨૦૧૭-૧૮ થી સને ૨૦૧૯-૨૦ ના વર્ષ માટેની દરખાસ્ત નં.KH-૧/૨૦૧૭ દાખલ કરી હતી. જેમાં નામદાર સુપ્રિમ કોર્ટના સ્પેશીયલ લીવ અપીલ (સીવીલ) નં.૩૧૪/૨૦૧૮

ફેડરેશન ઓફ સેલ્ફ ફાઇનાન્સ સ્કુલ અને બીજાઓ વિ.સ્ટેટ ઓફ ગુજરાત દાખલ કરવામાં આવી હતી. જેમાં વખતોવખત આખરી હુકમ કરવામાં આવેલ છે.

(૩) અરજદાર શાળાએ સને ૨૦૨૦-૨૧ થી સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટેની દરખાસ્ત દાખલ કરી હતી. જે દરખાસ્ત નં.KH-૨૮/૨૦૨૦-૨૧ થી તા.૨૫-૧૦-૨૦૨૧ ના રોજ હુકમ કરવામાં આવ્યો હતો. જેમાં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક-બમશ/૧૨૨૦/૫૩/એફ.આર.સી.સેલ, તા.૦૭-૧૦-૨૦૨૦ ના કોવિડ-૧૯ ની પરિસ્થિતિમાં સ્વ-નિર્ભર શાળાઓએ વસુલવાની થતી ફી બાબતના પરિપત્રને ધ્યાને લઇને સને ૨૦૧૯-૨૦ ના વર્ષમાં જે ફી નક્કી કરવામાં આવી હતી તે ફીના ૭૫ ટકા રકમ સને ૨૦૨૦-૨૧ ના વર્ષમાં ફી તરીકે લેવાની હતી અને તે અન્વયે હુકમ કરવામાં આવ્યો હતો.

(૪) સમગ્ર દેશમાં તાજેતરમાં ઉપસ્થિત થયેલ કોવિડ-૧૯ ની મહામારીના કારણે તા.૧૬-૦૩-૨૦૨૦ થી રાજ્યની તમામ શાળાઓ (સરકારી, ગ્રાન્ટ-ઇન-એઇડ, સ્વ-નિર્ભર) બંધ રાખવાની જાહેરાત કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકાર ધ્વારા સમયાંતરે લોક-ડાઉનની જાહેરાતો કરવામાં આવેલી હતી તે સંજોગોમાં શાળાઓ બંધ રાખવામાં આવી હતી અને હાલની પરિસ્થિતિમાં પણ કેન્દ્ર સરકારના આ અંગેના નિર્દેશો મુજબ શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવાના આદેશો કરવામાં આવેલ છે અને આ પરિસ્થિતિ ધ્યાને લઇને અરજદાર શાળાના સને ૨૦૧૯-૨૦ ના ઓડીટ થયેલા હિસાબો અને તે વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે સને ૨૦૨૧-૨૨ થી સને ૨૦૨૩-૨૪ ના ૩ વર્ષ માટેની વચગાળાની ફી, ફી નિયમન સમિતિએ નક્કી કરવાનું ઠરાવેલ છે. કારણ કે, સને ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે શાળાએ સને ૨૦૧૯-૨૦ ની ફીના ૭૫ ટકા રકમ જ ફી તરીકે લેવાનું ઠરાવેલ હતું. શાળા પુરેપુરા સમય ચાલી નથી. વિદ્યાર્થીઓની ફી ઓછી આવેલી છે તે જ પ્રમાણે શાળાને પણ ખર્ચનું પ્રમાણ ઓછું થયેલ છે તેથી સને ૨૦૧૯-૨૦ ના વર્ષના ઓડીટ આધારે ફી નક્કી કરવાનું ઠરાવવું ન્યાયી, વ્યાજબી અને શાળા સંચાલક અને વિદ્યાર્થીઓના વાલીઓને નુકશાન ન થાય તે હેતુથી સને ૨૦૧૯-૨૦ નું વર્ષ નક્કી કરવામાં આવ્યું છે.

(૫) અરજદાર શાળા ધ્વારા સને ૨૦૧૯-૨૦ ના વર્ષના ઓડીટ થયેલા હિસાબો રજુ કરવામાં આવેલા છે અને તેમાં દર્શાવેલી આવક અને જાવકના હિસાબો ફી નિયમન સમિતિ ધ્વારા ધ્યાને લઇને તે વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યાના હિસાબે ફી નક્કી કરવાનું ઠરાવવામાં આવેલ છે.

| અ.નં. | ફીની વિગત | રકમ. |
|---|---|---|
| ૧ | ટ્યુશન ફી | રૂા.૧,૬૬,૯૪,૪૩૯/- |
| ૨ | અન્ય ફી | રૂા.૧,૪૦,૬૩૨/- |
| | કુલ આવક... | રૂા.૧,૬૮,૩૫,૦૭૧/- |

(૬) અરજદાર શાળા તરફથી દર્શાવવામાં આવેલી આવકની વિગતો ચકાસતાં એડમીશન ફી તથા ટર્મ ફીનો સમાવેશ ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ ફી નિયમન અધિનિયમ, સને-૨૦૧૭ ની કલમ-૨ (જી) માં નક્કી કરવામાં આવેલી છે અને તેમાં એડમીશન ફી અને ટર્મ તેમજ અન્ય ફીનો સમાવેશ

એક જ ફીના મથાળા હેઠળ કરવામાં આવે છે. અરજદાર શાળાના સને ૨૦૧૯-૨૦ ના વિદ્યાર્થીઓની સંખ્યા ૪૫૫ થાય છે. એવરેજ ફી શાળાએ રૂા.૩૭,૦૦૦/- પ્રમાણે લીધી છે. જયારે એફ.આર.સી. ધ્વારા પાછલા વર્ષમાં નક્કી કરવામાં આવેલી એવરેજ ફી રૂા.૪૦,૭૯૩/- થતી હતી તેના બદલે દરેક વિદ્યાર્થી પાસેથી રૂા.૩,૭૯૩/- ની ઓછી આવક મેળવી છે. આમ કરીને અરજદાર શાળાએ રૂા.૧૭,૨૫,૮૧૫/- ની ઓછી આવક મેળવી છે. નામદાર સુપ્રિમ કોર્ટના સ્પેશીયલ લીવ પીટીશન નં.૩૧૪/૨૦૧૮ ના હુકમમાં ઠરાવ્યા મુજબ વૈકલ્પિક પ્રવૃતિ વિદ્યાર્થીએ સ્વીકારી હોય તો જ વિદ્યાર્થી પાસેથી વૈકલ્પિક પ્રવૃત્તિની ફી અલગથી લેવા હક્કદાર બને છે અને તે સિવાયની અન્ય કોઇ ફી વિદ્યાર્થી પાસેથી અલગ રીતના વસુલ કરવા હક્કદાર બનતા નથી.

| અ. નં. | ખર્ચની વિગત | ઓડીટ મુજબ દર્શાવેલી ખર્ચની રકમ. (રૂા.) | ફી નિયમન સમિતિ ધ્વારા મંજુર કરેલી રકમ. (રૂા.) | ફી નિયમન સમિતિ ધ્વારા નામંજુર કરેલી રકમ. (રૂા.) |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| (૧) | જાહેરાત ખર્ચ | ૧૦૭૧૯૫ | ૦૦ | ૧૦૭૧૯૫ |
| (૨) | ઘસારો | ૧૨૪૫૭૫૭ | ૦૦ | ૧૨૪૫૭૫૭ |
| | કુલ રૂા.... | ૧૩૫૨૯૫૨ | ૦ | ૧૩૫૨૯૫૨ |

(૭) અરજદાર શાળાના સને ૨૦૧૯-૨૦ ના ઓડીટ રીપોર્ટની ચકાસણી કરતાં અરજદાર શાળાએ જાહેરાત ખર્ચ માટે રૂ.૧,૦૭,૧૯૫/-ની રકમ ખર્ચ તરીકે ઉધારી છે. જાહેરાત ખર્ચ શૈક્ષણિક પ્રવૃત્તિ સાથે સુસંગત હોવાનુ ફલીત થતુ નથી. જાહેરાત ખર્ચ વિદ્યાર્થીઓની ફીના ખર્ચની ગણતરીમા સમાવેશ થઇ શકે નથી જેથી તે ખર્ચ મજરે આપવામા આવેલ નથી.

(૮) અરજદાર શાળાએ તેઓના સને ૨૦૧૯-૨૦ ના ઓડીટ રીપોર્ટમાં ઘસારા ખર્ચ તરીકે રૂા.૧૨,૪૫,૭૫૭/- દર્શાવી છે. ઘસારો એ કોઇ પણ પ્રકારનો ખર્ચ નથી. વિદ્યાર્થી દીઠની ફીની ગણતરીમાં ઘસારાના ખર્ચનો સમાવેશ થઇ શકે નહિ. ફી રીવીઝન કમિટીના વારંવારના ચુકાદાઓમાં ઘસારાને ખર્ચ તરીકે મજરે આપેલ નથી. જેથી, તે ખર્ચ મજરે આપવામાં આવ્યો નથી. આ સિવાયના તેઓના ઓડીટ રીપોર્ટમાં દર્શાવેલ તમામ ખર્ચાઓ ગ્રાહ્ય રાખવામાં આવ્યા છે. ગ્રાહ્ય રાખવામાં આવેલ ખર્ચાઓને ધ્યાને રાખીને વિદ્યાર્થી દીઠની સંખ્યાને ધ્યાને લઇને નીચે મુજબની ફી નક્કી કરવાનું ઠરાવવામાં આવે છે.

ફી નિયમન સમિતિ ... ઝોન ...

<u>ઓડીટ મુજબનો હિસાબ :-</u>

| | | | |
|---|---|---|---|
| તા.૩૧-૦૩-૨૦૨૦ ના ઓડીટ મુજબની કુલ ખર્ચની રકમ | | | રૂા.૨,૬૯,૨૭,૮૦૫/- |
| નહિ અપાવેલ ખર્ચ :- | | | |
| (૧) | જાહેરાત ખર્ચ | ૧૦૭૧૯૫ | |
| (૨) | ઘસારો | ૧૨૪૫૭૫૭ | |
| | | નહિ અપાવેલ ખર્ચની કુલ રકમ | રૂા. ૧૩,૫૨,૯૫૨/- |

| | | |
|---|---|---|
| કુલ માન્ય ખર્ચ | | રૂા.૨,૫૫,૭૪,૮૫૩/- |
| કુલ માન્ય ખર્ચ રૂા.૨,૫૫,૭૪,૮૫૩/- ભાગ્યા ૪૫૫ વિદ્યાર્થી દીઠનો સરેરાશ ખર્ચ | રૂા.૫૬,૨૦૮/- | |
| ડેવલપમેન્ટ ખર્ચની રકમ ૭ ટકા પ્રમાણે | રૂા.૩,૯૯૫/- | |
| કુલ માન્ય ખર્ચ | રૂા.૬૦,૧૪૩/- | |
| સરેરાશ વિદ્યાર્થી દીઠની ફી... | | રૂા.૪૪,૦૦૦/- |

(૯) અરજદાર શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી છે. શાળાનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર મોટુ છે. શાળાના ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રમાણે શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા નથી. જેથી, સરેરાશ ખર્ચ વધુ આવે છે. અરજદાર શાળાની સને ૨૦૧૯-૨૦ ના વર્ષના પ્રિ.પ્રાયમરીના વિદ્યાર્થીની ફી રૂા.૩૩,૦૭૫/- થતી હતી જેમાં સને ૨૦૨૦-૨૧ તથા સને ૨૦૨૧-૨૨ ના પાંચ-પાંચ ટકાની રકમ રૂા.૧૬૫૪/- પ્રમાણે ઉમેરવામાં આવે તો રૂા.૩૬,૩૮૩/- થાય છે. જેથી, પ્રિ.પ્રાયમરીના વિદ્યાર્થીની ફી રૂા.૩૭,૦૦૦/- ઠરાવવામાં આવે છે. પ્રાયમરી (ધોરણ-૧ થી ૫)ના વિદ્યાર્થીની ફી રૂા.૩૮,૦૩૬/- થતી હતી. જેમાં સને ૨૦૨૦-૨૧ તથા સને ૨૦૨૧-૨૨ ના પાંચ-પાંચ ટકાની રકમ રૂા.૧૯૦૦/- પ્રમાણે ઉમેરવામાં આવે તો રૂા.૪૧,૮૩૬/- થાય છે. જેથી, પ્રાયમરી(ધોરણ-૧ થી ૫)ના વિદ્યાર્થીની ફી રૂા.૪૨,૦૦૦/- ઠરાવવામાં આવે છે. પ્રાયમરી (ધોરણ-૬ થી ૯)ના વિદ્યાર્થીની ફી રૂા.૪૧,૩૪૪/- થતી હતી. જેમાં સને ૨૦૨૦-૨૧ તથા સને ૨૦૨૧-૨૨ ના પાંચ-પાંચ ટકાની રકમ રૂા.૨૦૬૭/- પ્રમાણે ઉમેરવામાં આવે તો રૂા.૪૫,૪૭૮/- થાય છે. જેથી, પ્રાયમરી(ધોરણ-૬ થી ૯)ના વિદ્યાર્થીની ફી રૂા.૪૫,૦૦૦/- ઠરાવવામાં આવે છે અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

| અ. નં. | ધોરણ | માધ્યમ | વિદ્યાર્થીની સંખ્યા | સૂચિત ફીની માગણી | ફી નિયમન સમિતિ ધ્વારા નક્કી કરેલ ફી. |
|---|---|---|---|---|---|
| | | | સને ૨૦૧૯-૨૦. | સને ૨૦૨૧-૨૨. | સને ૨૦૨૧-૨૨. |
| (૧) | નર્સરી. | અંગ્રેજી | ૨૩ | રૂા.૩૯,૧૪૦/- | રૂા.૩૭,૦૦૦/- |
| (૨) | જુ.કે.જી. | અંગ્રેજી | ૩૨ | રૂા.૩૯,૧૪૦/- | રૂા.૩૭,૦૦૦/- |
| (૩) | સી.કે.જી. | અંગ્રેજી | ૫૪ | રૂા.૩૯,૧૪૦/- | રૂા.૩૭,૦૦૦/- |
| (૪) | ૧. | અંગ્રેજી | ૭૪ | રૂા.૪૪,૯૦૦/- | રૂા.૪૨,૦૦૦/- |
| (૫) | ૨. | અંગ્રેજી | ૬૭ | રૂા.૪૪,૯૦૦/- | રૂા.૪૨,૦૦૦/- |
| (૬) | ૩. | અંગ્રેજી | ૫૬ | રૂા.૪૪,૯૦૦/- | રૂા.૪૨,૦૦૦/- |
| (૭) | ૪. | અંગ્રેજી | ૪૨ | રૂા.૪૪,૯૦૦/- | રૂા.૪૨,૦૦૦/- |
| (૮) | ૫. | અંગ્રેજી | ૪૧ | રૂા.૪૪,૯૦૦/- | રૂા.૪૨,૦૦૦/- |
| (૯) | ૬. | અંગ્રેજી | ૨૮ | રૂા.૪૮,૯૭૦/- | રૂા.૪૫,૦૦૦/- |
| (૧૦) | ૭. | અંગ્રેજી | ૨૪ | રૂા.૪૮,૯૭૦/- | રૂા.૪૫,૦૦૦/- |
| (૧૧) | ૮. | અંગ્રેજી | ૧૪ | રૂા.૪૮,૯૭૦/- | રૂા.૪૫,૦૦૦/- |
| (૧૨) | ૯. | અંગ્રેજી | ૦૦ | રૂા.૪૮,૯૭૦/- | રૂા.૪૫,૦૦૦/- |
| (૧૩) | ૧૦. | અંગ્રેજી | ૦૦ | રૂા.૪૮,૯૭૦/- | રૂા.૪૫,૦૦૦/- |

શરતો :-

૧) સને ૨૦૨૧-૨૨ ની નક્કી કરેલી ફી ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને-

૨૦૧૭ ની કલમ-૨ (જી) અન્વયે નક્કી કરેલી ફી છે.

૨) અરજદાર શાળાએ સને ૨૦૨૧-૨૨ ના વર્ષમાં વૈકલ્પિક ફીની રકમ નક્કી કરવામાં આવેલી ફી કરતાં અલગથી વસુલ કરી શકશે અને તેમાં વિદ્યાર્થી અને તેના વાલીની તે પ્રવૃત્તિ માટે સંમતિ લેવાની રહેશે.

૩) અરજદાર શાળાએ સને ૨૦૨૧-૨૨ ની શૈક્ષણિક ફી માસિક તેમજ ત્રિમાસિક ધોરણે વસુલ કરી શકશે. પરંતુ ફી ભરવામાં થયેલ વિલંબ અંગે શાળા વાલી પાસેથી બેન્ક રેટના દર કરતાં વધુ રકમ પેનલ્ટી તરીકે વસુલ કરી શકશે નહિ.

૪) કોઇ પણ વાલીએ સને ૨૦૨૧-૨૨ ના વર્ષ માટે વચગાળાના હુકમ કરતાં શાળાના માન્ય કરેલ ફી મુજબની વધુ રકમ વસુલ કરેલી હશે તો અન્ય ક્વાટરમાં આ હુકમ બાદ મજરે આપવાની રહેશે.

૫) ફી નિયમન સમિતિ ધ્વારા સને ૨૦૨૧-૨૨ ના વર્ષની નક્કી કરેલી ફીના ૫ ટકા રકમનો વધારો સને ૨૦૨૨-૨૩ તેમજ સને ૨૦૨૨-૨૩ ની ફીના ૫ ટકાનો વધારો સને ૨૦૨૩-૨૪ ના વર્ષમાં લઇ શકશે.

૬) અરજદાર શાળા વચગાળાના હુકમ મુજબની ફી કરતાં વધુ ફી વસુલ કરી શકશે નહિ. કોઇ સંજોગોમાં વચગાળાના હુકમમાં ફેરફાર થાય અથવા ફી રીવીઝન કમિટીના હુકમમાં ફેરફાર થાય ત્યારે જે હુકમ જે તારીખે થયો હોય તેના બીજા ક્વાટરમાં હુકમ મુજબ ફીમાં ફેરફાર કરવાનો રહેશે તે સિવાય ફી નિયમન સમિતિએ કરેલા હુકમ મુજબની જ ફી શાળાએ વિદ્યાર્થી પાસેથી વસુલ કરવાની રહેશે અને આ હુકમનો અનાદર કરવામાં આવશે ત્યારે શાળા વિરૂધ્ધ ફી નિયમન અધિનિયમની જોગવાઇઓ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

૭) અરજદાર શાળાએ વચગાળાના હુકમથી નારાજ હોય તો તેઓએ દિન-૭ માં ફી નિયમન સમિતિ, વડોદરા સમક્ષ કારણો સહીતની લેખિતમાં રીવ્યુ અરજી કરવાની રહેશે. જો અરજદાર શાળા વચગાળાના હુકમ વિરૂધ્ધ નક્કી કરેલી સમય મર્યાદામાં રીવ્યુ અરજી કરવામાં નિષ્ફળ જાય ત્યારે વચગાળાનો કરેલો હુકમ આખરી અને નિર્ણાયક ગણવામાં આવશે.

૮) અરજદાર શાળાએ સને ૨૦૨૧-૨૨ ની ફી નિયમન સમિતિ, વડોદરા ધ્વારા નક્કી કરવામાં આવેલી ફી શાળાના નોટીસ બોર્ડ ઉપર તેમજ શાળાની વેબસાઇટ ઉપર અંગ્રેજી તેમજ ગુજરાતીમાં પ્રસિધ્ધ કરવાની રહેશે.

આજ તા.૧૮ માહે મે સને ૨૦૨૨.
સ્થળ :- વડોદરા.

ફી નિયમન સમિતિ વડોદરા વિભાગ,વડોદરાના તા.૧૮/૦૫/૨૦૨૨ ના આદેશાનુંસાર

(મુખ્ય સંયોજક)
ફી નિયમન સમિતિ
વડોદરા વિભાગ,વડોદરા.

પ્રતિ, આચાર્ય/સંચાલકશ્રી, પોદાર ઇન્ટરનેશનલ સ્કુલ (CBSE)(અંગ્રેજી માધ્યમ) ઠે.દિવ્ય ધારા, જુના ડુમરલ રોડ, વૈશાલી રોડ, નડીઆદ, જી.ખેડા-૩૮૭૦૦૨..

નકલ રવાના:- મુખ્ય સંયોજકશ્રી, જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વડોદરા તરફ જાણ તથા અમલ થવા સારૂ.